Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# 'ઝેર તો પીધા છે જાણી જાણી' - ૧ નું સમરસતામાં પ્રદાન

**સંશોધક**

સોલંકી સુર્યાબેન હરિસિંહ

સ્કૂલ ઓફ હ્યુમીનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ

વિષય-P.H.D સંશોધક ગુજરાતી

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

❖ **ભૂમિકા :**

ગુજરાતી સાહિત્યની મહાન નવલકથાઓમાં સ્થાન પામનાર નવલકથાનું સર્જન મનુભાઇ પંચોળીના હસ્તે થયું છે. મહાનકૃતિની લાક્ષણિકતા જ એ છે કે તે વિશ્વભરની સમસ્યાઓને, માનવમનની સંવેદનાઓને ગહન રીતે આપણી સમક્ષ પ્રગટ કરે છે. પણ સાથોસાથ તાત્વિક દર્શનની પ્રતીતિ પણ સાહિત્યના માધ્યમ દ્વારા કરાવે છે. 'ઝેર તો પીધા છે જાણી જાણી' નવલકથાના સર્જકની ખૂબી જ એ છે કે તેમણે પાત્રોને સંવેદન ઝીલીને સમયની સાંગોપાંગ કથાપ્રવાહને રસપદ બનાવવા માધુર્યસભર કથાસૃષ્ટિ ખડી કરી છે. સાડા ચાર દાયકા ઉપર પથરાયેલો અને ત્રણ ભાગમાં અવતરેલી મહાનવલ 'ઝેર તો પીધા છે જાણી જાણી' આખરે એક ગ્રંથ રૂપે આપણને પ્રાપ્ત થાય છે.

ભારતીય જ્ઞાનપીઠનો પુરસ્કાર પ્રાપ્ત કરનાર સર્જકની આ મહાનવલકથાના સર્જનની સર્જનલીલા અદભુત છે. પહેલાભાગનો ગ્રામપરિવેશ રોમાંચક છે. જયારે બીજા ભાગમાં વાર્તાની ટેકનિક ડાયરીનું સ્વરૂપ લે છે. જયારે ત્રીજો ભાગ 'મધુરણ સમાપયેત'નો અર્થ સૂચવી જાય છે. મનુભાઇ પંચોળીની બે વિશિષ્ટ સિદ્ધિઓ છે. જેમ કે વાર્તાકથન અને પાત્રલેખન, જેનાથી નવલકથા રસપ્રદ અને માર્મિક બની રહે છે.

ગાંધીબાપુ પ્રત્યેની અનન્ય ભક્તિપ્રેમનું કારણ હોય, કે પછી અહિંસાની ખેવના કે સ્વાતંત્ર્ય પછી મુક્તિના આનંદથી મનુભાઇ પંચોળી આશ્રમ અને ગાંધીબાપુને કથાપ્રવાહને નવી રાહ

ચીંધનારા આલેખ્યા છે. જીવનના દ્વૈતમાંથી જાગનારો સંઘર્ષ એ આ મહાનવલનો ધ્યાનવિષય છે. દ્વૈતનું ઉપસમન કરવા બુદ્ધની ગુફાઓના પહાડી પરિવેશનો યોગ કરાવીને તેનું સૂચન આપે છે.

સમરસતા એટલે કે સમરસ થવાનો ગુણ, કે સદા એકસમાન રહેવાની સ્થિતિ. મનુભાઇ પંચોળીની આ નવલકથાના પાત્રો વાતાવરણ મુજબ જ ચિત્રિત થયા છે. ગોપાળબાપા, રોહિણી, સત્યકામ જેવા પાત્રો એક સમાન બનીને કર્મના આધારે સંસારમાં સરે છે. ધર્મમા આસ્થા ધરાવનારા નર-નારીઓ સમાજજીવનનું ધારકબળ બની શકે તેવું સુચવાયું છે.

❖ **'ઝેર તો પીધા છે જાણી જાણી' - ૧ નું સમરસતામાં પ્રદાન:**

શીંગોડા નદી પાસેની કોતર પર તે વખતના શ્રીમંત સયાજીરાવ અંગરક્ષકો સાથે ઉભા હતા. પડખેના ગીરના જંગલમાં દીપડો આવ્યાના વાવડે આ તરફ ઊતરી આવ્યા હતા. તેવામાં ખેડુ માણસે પ્રણામ કરીને મહારાજને બોર ભેટ ધરે છે. બદલામાં પોતાના મીત્રના દીકરા માટે યોગ્ય કિંમતે કોતર આપવાની ભલામણ કરે છે. કોતરમાં બોરડીઓ વાવવાની વાત કરે છે. તે ખેડુ માણસ છે ગોપાળબાપા મિત્રના પુત્રને ઉછેરવા માટે મહારાજ પાસેથી કોતર લે છે અને બદલામાં મંદિરની બાજુમાં ધરમશાળા બાંધવાનું કહે છે. મિત્રનો પુત્ર સત્યકામ અને બાર વર્ષની પોતાની પુત્રી રોહિણીને કોતર પર રાખી વાડીને છાપરૂં બનાવી વસવાટ કરે છે. સાથે રમેલાં, રડેલાં સત્યકામ અને રોહિણીની સગાઇ ગોપાળબાપા કરાવે છે. ગોપાળબાપા માંડણ ભગતને ગુરૂ માનતા હોય છે. એકવાર અરજણ માછલીઓ પકડવા જાળ પાથરે છે. અને ગોપાળબાપા તેને પકડી પાડે છે. અને

પાંચ રૂપીયા આપી મજુરી કરવા સમજાવે છે. અરજણ ગોપાળબાપાના ત્યાં જ સૈંયારી તરીકે કામે લાગી જાય છે.

બે વર્ષ પછીની વાત છે. પોરબંદરથી એક શેઠ અને તેમના નાનાભાઇ વિનાયકરાવ પત્ની અને પુત્ર સાથે ગોપાળબાપાની વાડીએ આવે છે. અરજણ ભોમિયા તરીકે સાથે હોય છે. એ સમયે રોહિણી મહાદેવના મંદિરમાં પૂજા-અર્ચના, શ્લોકો સહિત કરતી હોય છે. ગોપાળબાપા અને સત્યકામ ખેતરે ગયા હોય છે. પેલી સ્ત્રીઓ પ્રદક્ષિણા કરતી હોય છે. તે સમયે વિનાયકરાવના પુત્ર હેમંતને સાપ કરડે છે. પેલી સ્ત્રીઓ રાડારાડ કરવા માંડે છે. મોટા શેઠ અને વિનાયકરાવ બેબાકળા બની જાય છે. રોહિણી છરી મંગાવી હેમંતના અંગુઠે કાપ મૂકી ઝેર ચૂસી જાય છે. અને હેમંત જીવીત થાય છે. ત્યારે મોટા શેઠ કહે છે કે "તારા મોંમા અમી, બેન !" મોટા શેઠની આંખમાં હરખના આંસું આવ્યા ને સત્યકામ ગોપાળબાપાને લઇને દાખલ થાય છે.

રાત્રે વાળુ-પાણી કર્યા પછી મોટા શેઠ, વિનાયક રાવ, ગોપાળબાપા ભેગા બેસીને ભજનોની વાતો કરે છે. થોડાક દિવસો પછી તે પોરબંદરના શેઠિયાઓ ગોપાળબાપા પર તાર મોકલે છે. જેમાં હેમંત માટે રોહિણીનો હાથ માગે છે. પરંતુ ગોપાળબાપા તાર કરી રોહિણીની સગાઇ સત્યકામ સાથે કરેલ છે. તેવા સમાચાર આપે છે. દિવસો વીતતા જાય છે. અને રોહિણી સત્યકામનું બાળપણ યુવાનીમાં પરીવર્તીત થતું જાય છે.

એક દિવસ રાતના ભજનમાં લખીરામજી જે ગાંજા-તમાકુના સેવન કરનારા હતા, પરમાણંદદાસ સીતાપુરના સ્ટેશન માસ્તર હતા, સુરાભાઇ કાઠી છોકરીઓનો ધંધો કરનારો હતા,

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

દામોદર શેઠ વણિક જેને બધા નરસિંહ મહેતા કહેતા આ બધાની ભજનમંડળી જામી. તેમાં અરજણ પણ ગોપાળબાપાની વાંસે વાંસે ધર્મરાજના કૂતરાની જેમ હતો. દાસી જીવસ, લાડુ ભટ્ટ, બ્રહ્માનંદ ને વૈરાગ્યવીર નિષ્કુલાનંદના ભજનો ગવાતા. સત્યકામ અને રોહિણી પણ તે ભજનમંડળીમાં સામેલ થાય છે. રોહિણી ઊંઘનું બહાનું કાઢી ઘરે આવવા નીકળે છે. ગોપાળબાપા સત્યકામને સાથે મોકલે છે. રસ્તામાં સુરોભાઇ કાઠીભગત રોહિણી અને સત્યકામ પર પ્રહાર કરે છે. સત્યકામ સુરંગની બંદૂક ખૂંચવી ભોય પર પાડી દે છે. સુરાભાઇ સત્યકામને ધક્કો મારવા આવે છે અને રોહિણીને વાગી જાય છે. રોહિણી મૂર્છિત થઇ ઢળી પડે છે. સત્યકામ કાઠીને કાઢીને આબરૂ બચાવવા ખાતર છોડી મૂકે છે અને રોહિણીને ઉપાડી નદી કાંઠે લઇ જતાં-જતાં તેના મોંઢા પર ચુંબન કરે છે. અને પાણી છાંટી રોહિણીને સભાન બનાવે છે. બીજા દિવસે ગોપાળબાપા સત્યકામ ને રોહિણીની જન્મોત્રી મંગાવી લગ્ન લેવાની દામાકાકાને વાત કરે છે. સત્યકામ અને રોહિણી ઘર બાંધવાની તૈયારીઓ કરવા મંડી પડે છે.

પોષ મહિનાની ઠંડીમાં સત્યકામ પ્રહર ચારવા ભેંસો લઇને નીકળે છે. ત્યારે તેને ત્યાં દામાકાકા સત્યકામને કહે છે કે “જયોતિષ મુજબ લગ્ન થતાં બેમાંથી એક ન હોય તેવું બને છે.” સાંભળી સત્યકામ અવાચક બની જાય છે. દામાકાકા ગોપાળબાપાને પણ આ વાત કરે છે. ત્યારે ગોપાળબાપા જન્મકુંડળી કરતાં કરમકુંડળી બળવાન છે. હું નીતિથી ચાલ્યો છું. ભગવાન એને શું કામ દંડે ? એમ કહે છે. પછી મહેતા આગળ કહે છે કે બાપા બે મહિના પછી અમે તમને દેખી શકીએ તો ભાગ્યશાળી.” ઘડીભર શાંત થયા પછી ગોપાળબાપા કહે છે કે ‘‘ગ્રહથી ન બીઓ, મોતથી ન બીઓ, પાપથી બીઓ, સંસાર કાપ્યો કપાતો નથી એને તો સુગંધિત કરવો પડે છે.”

ગોપાળબાપા મહેતાને કહે છે કે પરમાણદદાસને બાંધો કે સત્યકામ રોહિણીના લગ્ન કરાવે. બીજી બાજુ સત્યકામને ઝરીયા તેના પિતાની મિલકતનો હિસાબ માટે મોકલે છે. પાંચમે પાછા આવી પૂનમે લગ્ન લેવાની વાત કરે છે. શોકમગ્ન સત્યકામ રોહિણીથી વિદાય લઇને નીકળે છે. બીજી બાજુ ગોપાળબાપા પરવાર કરવા માંડે છે. ઝરીયા પહોંચેલો સત્યકામ કોલસાની ખાણોના શેરો ને મકાન વેચીને પોતાના વકીલ દિનેશબાબુને મળવા ઘરે જાય છે. પણ દિનેશબાબુનો નાનો ભાઇ પ્રસન્ન લંફટ સાંબનું ખૂનના આરોપસર નાસતો ફરતો હતો. તે સત્યકામના ઘરે નીકળવાના દિવસે જ તેના ઘરે આશરો લેવા પહોંચી જાય છે. સત્યકામ પિતા ગોપાળબાપાના સંસ્કારના તે જે આશરો આપે છે. અને સત્યકામની ધરપકડ થાય છે. ગોપાળબાપા સુરંગને પોતાની ભેંસો આપીને પરિશ્રમ કરવાનો અર્થ સમજાવે છે. ગોપાળબાપા બધા ખેડૂતોનું લેણુ માફ કરી થાક્યાપાક્યા વિશ્રામ કરે છે. સવારમાં ઊઠી સ્નાન કરી પૂજા કરતાં ભાગવત રોહિણી સંભળાવે છે. તે સમયે જ બાવાઓની જમાત ગોપાળબાપાને તેડવા આવે છે. અને ગોપાળબાપા સ્વર્ગે સીધાવે છે. બધા ભેગા મળી ગુરૂજીના ગુણ ગાઇને ભજન ગાય છે. અને ગોપાળબાપાને પાલખીમાં બેસાડી રોહિણીના હાથે અગ્નિદાહ અપાય છે. ગોપાળબાપાના બારમાના દિવસે બા પણ ગુજરી ગયા, રોહિણી સાવ એકલી પડી ગઇ. વાડીની ને ખેતર, ઢોરાંની જવાબદારી રોહિણી પર આવી પડી.

સત્યકામ હરજારીબાગ સેન્ટ્રલ જેલમાંથી રોહિણીને તાર કરે છે. પગમાં બેડી પડવાની ઘટનાની વાત કેરે છે અને કહે છે કે “હામ તો છે કે પાછો એક દિવસ આવીશ તું એ વખતે નાહીને ભીને વાળે કપડાં સૂકવતી હોઇશ.” રોહિણી પણ પ્રત્યુતરમાં કાગળ લખી સત્યકામને બોલાવે છે. વળતા જવાબમાં સત્યકામ કહે છે ‘મારાથી મારા પ્રમને નહિ ખાઇ શકાય.’

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

રોહિણીએ દિવસોને મહિનાઓ સુધી રાહ જોયા પછી અન્નછત્રમાંથી સત્યકામનું શીળી થવાથી મૃત્યુ થયાના સમાચાર સુખદેવ આપે છે. રોહિણી આઘાતથી પટકાઇ પડે છે. વાડીવાળાઓ દવાઓ શોંધવા લાગે છે. એવામાં સોળેક વર્ષનો કિશોર અચ્યુત ગાડીમાંથી બેગ લઇને ઉતરે છે. તે વિનાયકરાવનો નાનો દીકરો છે. તે રોહિણીને પોતાની સાથે લઇ જઇને સાજી કરે છે. રોહિતીને સાજી જોઇ બેરિસ્ટરના મોં પર ઉત્સાહ પથરાઇ જાય છે. અચ્યુત જે બેરિસ્ટર વિનાયકરાવનો નાનો પુત્ર છે. દાસકાકા પણ સાથે જ હતા. અચ્યુત અને રોહિણી વચ્ચે મિત્રતા કેળવાય છે. રોહિણીના સાજા થયા પછી બેરિસ્ટર પોતાની પત્ની અને પુત્ર હેમંતને લઇને મળવા આવે છે. રોહિણી દુ:ખ-કલેશને ભૂલવા લાગે છે. તેવામાં તેને બેરિસ્ટર અને તેમની પત્ની તથા રખાત રાખવાના સબંધની જાણ થાય છે. આબુદર્શન વખતે તેને વાડી ને વાડી સાચવનારું કોણની પ્રતિતી થાય છે.

રોહિણી સાજી થઇ વાડીએ પાછી આવે છે. વાડીમાં આવતા બાપા ને સત્યકામની સ્મૃતિ તાજી થઇ ગઇ. વાડીના કામમાં લાગી નવરાશના સમયે નરસિંહ મહેતાને ત્યાં પાપડ કે સેવ વણાવવા જતી, છાપું વાંચતી. ખેડા સત્યાગ્રહના દિવસો હતા. રોહિણી છાપું વાંચતી ને ખેડૂઓને રાત્રે સંભળાવતી. એકદિવસ છાપું વાંચતાં હેમંતના ધરપકડના સમાચાર વાંચીને તાર લખવા બેઠી. થોડા દિવસ પછી અચ્યુતનો તાર આવ્યો કે મોટાભાઇ ક્ષયમાં પકડાયા છે. રોહિણી વાડીનું કામ સોંપી હેમંતની સારવાર માટે અમદાવાદ ગઇ. ત્યારે અચ્યુત ને તેના પિતા બેરિસ્ટર ખુશ થઇ ગયા. રોહિણી હેમંતની સારવાર ચાલુ કરી. તેની તબિયત સુધરતી હતી. સમય વિતતો ગયો ને હેમંતને રોહિણીનાં લગ્ન નક્કી થયાં હેમંતે પોતાની ઘરની સ્થિતિ થી રોહિણીને વાકેફ કરી. રોહિણી રખાત

અને બેરિસ્ટરની રજા લઇ બા ને પોતાની સાથે ગામડે રહેવા લઇ ગઇ. લગ્ન થયે મહિનો થયો હશે. હરકોરકાકી પણ બેરિસ્ટરની હકીકત ગાંધીબાપુને તાર કરી કહે છે.

હેમંત, રોહિણી, હરકોર કાકી ગામડાના ઘરમાં રહેતા હોય છે. ત્યાં એક લુહારની છોડી જેનો બાપ મરી ગયો છે. તેને નાના છોકરા સાથે પરણાવી હતી. અને હવે જેઠ જે ચાલીસ વર્ષના છે. તેની સાથે સબંધ બાંધવાની વાતથી તે છોડી જાણી સાસરેથી નાસી આવીને ઢેઢના ઘરે અભડાવવાના બહાને ધમાલ મચાવી ઊભી છે. હેમંત રોહિણી પાસેથી આ બધું જાણે છે. હેમંત જાણીને કહે છે તારી મા મારા ઘરે કામ કરે છે. તું મારે ત્યાંથી પાણી પી ને અભડાઇ જા. હેમંત ને શેઠ ભેગા થઇને મણીના સાસરીયાઓને પાઠ ભણાવે છે. મણીને અમદાવાદ ભણવા મોકલી આપે છે. હેમંત રતનસંગ, કશળસંગની સામે થાય છે. એવામાં જ રોહિણી પર સત્યકામનો તાર આવે છે. અને રોહિણી પટકાઇ પડે છે. રોહિણી કેટલાય દિવસો સુધી સંતાય અનુભવે છે. હેમંત રોહિણીને સમજાવે છે. એવામાં વેકેશનના દિવસોમાં મણિ ઘરે આવે છે. હેમંત રોહિણીના માથા પર હાથ ફેરવતા પૂછે છે કે “શેકેલું બી ઊગતું નથી” એનો અર્થ શું થાય ? રોહિણી પ્રત્યુત્તર આપતી નથી ઊંઘી જાય છે. એવામાં મણિ હેમંતને ગામમાં થતી મારામારીની ખબર આપે છે. હેમંત જાય છે. મણિ અને તેની મા ને દીવાલ પાછળ ગાયના ઘાસના ઓઘામાં છુપાવી દે છે. એવામાં અચ્યુત અને કાકી બહારગામ ગયા હોય છે. રતનસંગ, મોહન દરજી, નંદલાલ સુથાર ને સાથે લઇ લાકડીઓ અને ધારિયાથી શેઠકાકાની ઘરની પાછળ સંતાઇ જાય છે. અને ઢોલીને ઢોલ વગાડવાની સૂચના કરીને શેઠકાકાના ખાંચામાં હળવેક થી જઇને બારણા પાસે ઊભા રહી હળવેક થી બારણું બંધ કરી બહાર ઊભેલાને ધડાક દઇને ભોંય ભેગા કરે છે. એમાં રતનસંગ દરબારનો દીકરો મરે છે. રતનસંગ શરણાગતી સ્વીકારી લે છે. અને પોતાના

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

મૃત દીકરાને ગાડામાં મૂકવા માટે હેમતંને કહે છે. હેમંત જેવો લેવરાવવા નીચે વળે છે કે પડખા સોસરી તલવાર રતનસંગ મારી દે છે. અને હેમંતનું પ્રાણ પંખેરું ઉડી જાય છે. લોકો દગો-દગોની બૂમ પાડી તેમને ભગાવે છે. રોહિણી ખોળામાં સુવાડી હેમંતને ખભે ટેકવયો હતો. આસમાની દરિયો એને વીંટળાઇ વળ્યો ?

રોહિણી પર પિતાના ઘરની ને હેમંતના ઘરને સાચવવાની જવાબદારી આવી પડી. હેમંતના ગયા પછી હરકોર કાકી પણ હાલી નીકળયા. શેઠાણીના બારમાના દિવસે બેરિસ્ટરે પોતાના વતન પોરબંદરમાં નાતતેડું નોતર્યું. અર્ધો લાખ રૂપિયા વિધવાઓ માટે આપવાનું નક્કી કર્યુ અને ટ્રસ્ટી રોહિણીને રાખી. થોડા મહિના પછી બેરિસ્ટર કાઠિયાવાડના નાનકડી ઠકરાતના કેસ અંગે બહાર ગયા. રોહિણી અને અચ્યુત પણ ગાધીબાપુના આશ્રમમાં ગયા. થોડા સમય પછી બેરિસ્ટર ધનરાજપુરના રાજાની રખાત લઇને નાસી ગયા. એવા સમાચાર મિડીયામાં વહેતા થયા. ત્યારે બેરિસ્ટરની રખાત સોહિની પણ દાગીના લઇને ભાગી ગઇ. સાબરમતી આશ્રમમાં આ સમાચારે ખળભળાટ મચાવ્યો. એવામાં જ બેરિસ્ટર રોહિણીને તાર કરે છે. જેમાં ધનરાજપુરના રાજાની રખાતનો લખેલો પત્રને સાબીતી તરીકે મૂકેલ છે. જેમાં ધર્મની બહેનના દીકરાના હક માટે ત્રાગડું રચ્યું છે જેની જાણ કરાઇ છે. આ તાર રોહિણી ગાંધીબાપુ પાસે લઇ જાય છે. અને બાપુ સમાધાન કરાવી બેરિસ્ટરના કાર્યને વખાણે છે. રોહિણી પ્રસન્નતાથી ઉડવા લાગી.

ગાંધીબાપુના આશ્રમમાં એકવાર પ્રાર્થના પછી અચ્યુત અંગ્રેજી ભણતરનો આગ્રહ પર ટીકા કરે છે. બાપુ તેને બોલવાની છૂટ આપે છે. કેમ કે હદયકુંજમાંય સ્વતંત્રતા ન હોય તો બીજે કયાં હોય ? દિવસો વીતે છે તે બાપુ પર ચિઠ્ઠી આવે છે. જેમાં અચ્યુત અને સોહિનીના અફેરની વાત લખેલી

હોય છે. બાપુ બંન્ને બોલાવીને પૂછપરછ કરે છે. જેમાં સોહિની સબંધનો ઇનકાર કરી દે છે. અને અચ્યુત તંગ કરે છે એમ કહેતા અચ્યુત ગુનેગાર હોય એમ બાપુના પગે લાગી આશ્રમ છોડી ચાલ્યો જાય છે. વાસ્તવમાં તે નિર્દોષ હોય છે.

અચ્યુત પત્ર લખીને રોહિણીને આપકથની કહે છે. જહાજ પર તૂતક ઘસવાથી લઇને ચીની જમીનદાર વાન-ફૂ સાથેનો પરિચય, માંડકાકાનો પરિચય જેમને ગાંધીબાપુ પ્રત્યે અનહદ ભક્તિપ્રેમ હતો. જેમના સહયોગથી લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસમાં ભણવાની ભલામણ, એલિઝાબેથ મેન્સફિલ્ડ અને તેના કુટુંબની મુલાકાત અને બે વર્ષ પછી બાપુનો કાગળ મળ્યો છે, તેનો ખુલાસો આપે છે. એલિઝાબેથ સામે લગ્ન વિશે ખોટું બોલેલો તેનો પત્રમાં ખુલાસો કરે છે.

રોહિણી અને તેની નાની બહેન રેખા અચ્યુતના ઘરે આવવાના સમાચાર સાંભળી આતુરતાથી રાહ જોઇ બેઠી હોય છે. બેરિસ્ટર સવારના તૈયાર થઇ કોફી પણ અચ્યુતની સાથે લેવાની હોંશે બેઠા છે. રોહિણી અચ્યુતના રહેવાની સગવડ કરાવે છે. રોહિણીની ઇચ્છા રેખાને અચ્યુત જોડે પરણાવવાની છે. જે રેખા સાધ્વી થવાની ઇચ્છા સેવે છે. રોહિણી ચાર અપંગ બાળકને લઇને આવી હતી. જેનાથી તેના દુ:ખમાંથી રાહત અનુભવી શકે. રોહિણીને હદયનું શૂળ ઉપડયું હતું. અરજણકાકા સાથે સત્યકામની વાતો કરતાં તે શૂળ વધુ ઉપડે છે. ઝેરનું વૈધવ્ય લઇને જીવતી રોહિણીને સત્યકામની સ્મૃતિ થાય છે અને ગાડીના પૈડાનો અવાજ આવ્યો.

કિશોર નામનો વ્યક્તિ અચ્યુતની અટકાયતના સમાચાર લઇને આવે છે. બેરિસ્ટરનો પારો વધી જાય છે. રોહિણી અને બેરિસ્ટર ગાડી લઇને પોલીસ સ્ટેશન નીકળે છે. રોહિણી રસ્તામાં

અચ્યુતના ડોક્ટર બન્યા પછી કેવો લાગતો હશે જેવા વિચાર આવવા લાગ્યા. પોલીસ સ્ટેશને પહોંચ્યા તો મેજિસ્ટ્રેટની બાજુમાં અચ્યુત બેઠેલ છે. પિતાને ભેટી પડીને ભાભીના પગે પડે છે. મેજિસ્ટ્રેટને નવાઇ લાગે છે. ત્યારે કાયદેસર રીતે અમદાવાદના કોઇ પંડિતનો તાર હતો જેમને અચ્યુતના સામાનની અટકાયત કરી હતી પણ સામાનની બેગ સરખી હોવાને કારણે અનાયાસે રોહિણીના રૂમમાં જ રોહિણીથી મૂકાઇ હોવાને કારણે અનાયાસે રોહિણીના રૂમમાં જ રોહિણીથી મૂકાઇ જેમાં લખ્યું હતું.

"નથી રે પીધાં એ અજાણી રે, મેવાડના રાણા, ઝેર તો પીધા છે જાણી જાણી પરવરાપણે રોહિણીએ કબાટમાંથી પીળું પડી ગયેલું કવર કાઢી અંદરનો પત્ર ઉખેળ્યો ને અક્ષરો સરખાવવા લાગી. ને પોતાની નોંધપોથી હોય એમ ખોળામાં મૂકીને વાંચવા મંડી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

❖ **સારાંશ :**

મનુભાઇ પંચોળીની આ મહાનવલકથામાંના પાત્રો મૈત્રીનો ચેતોવિસ્તાર કરે છે. મૈત્રીની ભાવના કેળવાય, એટલે વિશ્વમાં દુ:ખો છે, વિષાદો છે, આધિવ્યાધિઓ છે તેના તરફ કરુણા થાય બીજાના દુ:ખો ને આપણા દુ:ખો ગણી દૂર કરવા એ આપણા ધર્મ છે. સમસ્ત વિશ્વની સાથે સાયુજ્ય સધાય કે દુ:ખોને પોતાના સમજતાં જે બિન-અંગત આનંદ આવે છે તેની ભાવના તે સમરસતા. વ્યક્તિ તેમજ સમષ્ટિના મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાના અનુસંધાને જ મનુભાઇ પંચોળી એ "ઝેર તો પીધાં છે જાણી જાણી ભાગ-૧" નું સર્જન કર્યુ છે.

❖ **સંદર્ભગ્રંથ :**

૧) ઝેર તો પીધાં છે જાણી જાણી - મનુભાઇ પંચોળી 'દર્શક'